# ટેન્ડરની ખાસ શરતો

**કામનું નામ :- પાલોદર સરકારી હોટમીક્ષ પ્લાન્ટ ખાતેથી જુદી જુદી રોડ સાઈટ ઉપર ડામર સપાટીની કામગીરીનું લેબર કામ.**

- સદર કામના ટેન્ડર ભાવ ભરનાર એજન્સી આવા કામની અનુભવી તથા છેલ્લા ૫ વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ (૩) કામ કે વધુ સરકારી/અર્ધ સરકારી/મ્યુનિસિપાલીટી કોર્પોરેશનના હોટ મિક્સ પ્લાન્ટ ખાતેથી બનાવેલ જુદી જુદી જાતના મિક્ષ મટેરીયલ જુદા જુદા રસ્તાઓ પર પાથરવા અંગેની મજુરી કામની કામગીરી પુર્ણ કરેલી હોવી જોઈએ જે અંગે સરકારી/અર્ધસરકારી/ મ્યુનિસિપાલીટી કોર્પોરેશનનું કામ પુર્ણ કર્યા અંગેનું ફોર્મ ૩-એ પ્રમાણપત્ર માંગ્યા મુજબ ઓનલાઈન તથા ફીઝીકલ સ્વરૂપે ફરજિયાત રજુ કરવાનું રહેશે. આ પુરાવો રજુ ન કરનારના ટેન્ડર ખોલવામાં આવશે નહિ.
- ઈજારદારશ્રી દ્વારા જુદા જુદા રસ્તાઓ પર સરકારી તેમજ અર્ધસરકારી હોટ મીક્ષ પ્લાન્ટથી મટેરીયલ પાથરવાના અનુભવને વાર્ષિક ધોરણે ગણી સંપુર્ણ વર્ષનો એટલે કે એક વર્ષ કે તેથી ઉપરનો સમાન કામગીરીનો અનુભવવાળા ફોર્મ ૩-એ રજુ કરવાના રહેશે આવા ૩( ત્રણ ) ફોર્મ ૩-એ કે જેનો એક વર્ષ કે તેથી વધુ વર્ષના સમયગાળાના અનુભવ હોય તેવા છેલ્લા પાંચ વર્ષ ના એટલે કે કામગીરી સને. ૨૦૨૧-૨૨ થી સને. ૨૦૨૫-૨૬ સુધીના સમયમગાળામાં પુર્ણ થયેલ હોય તેવા ફોર્મ ૩-એ રજુ કરવાના રહેશે. આ પુરાવો રજુ ન કરનારના ટેન્ડર ખોલવામાં આવશે નહિ.
- અલગ અલગ રસ્તાઓના ટુંકા ગાળાના ફોર્મ-૩ એના અનુભવને ધ્યાને લેવામાં આવશે નહી.આવા ફોર્મ-૩ એ મુકેલા હશે તો તેમનું ટેન્ડર ખોલવામાં આવશે નહિ.
- ઠેકેદારશ્રીએ સરકારશ્રીના લઘુત્તમ વેતનધારાનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે. અને તે મુજબ જ મજુરોને ચુકવણું કરવાનું રહેશે. જો મજુર અથવા અન્ય કોઈ દ્વારા કોર્ટ કેસ કરવામાં આવશે તો તે અંગેની સઘળી જવાબદારી ઠેકેદારશ્રીની રહેશે.અત્રેની કચેરીની આ બાબતે કોઈ જવાબદારી રહેશે નહિ.
- હોટમીક્ષ પ્લાન્ટ પર યાંત્રિક ખામીને કારણે કે અન્ય કોઈ વહીવટી મુશ્કેલીને કારણે પ્લાન્ટ બંધ રહેવા પામે તો તે બાબતે ઠેકેદારશ્રીએ રોકેલા મજુરોને અન્વયે કોઈ વધારાનુ વળતર મળવાપાત્ર રહેશે નહી.
- સદરહુ કામગીરીમાં કોઈ ગ્રામ્ય કે અન્ય રોડ પર ડામર કામ કરવામાં હયાત ડામર સપાટી પર કોઈ ઠેકાણે માટી અથવા મુરમની જાડાઈ વધારે માલુમ પડે તો ઠેકેદારશ્રીએ તેની સફાઈ પુરતા મજુરો કે યાંત્રિક

સાધનો જેવા કે રેખો એન્ડ ફ્રન્ટ લોડર (જે.સી.બી. જેવા) થકી જરૂરિયાત મુજબ કરી આપવાની રહેશે અને તે માટે કોઈ વધારાનુ ચુકવણું કરવામાં નહી આવે.

- ઠેકેદારશ્રીએ સરકારશ્રીના લઘુત્તમ વેતનધારાનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે અને તે મુજબ જ મજુરોને ચુકવણું કરવાનું રહેશે. તથા લેબર લાઇસન્સ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરીયાત મુજબનું મેળવી લેવાનું રહેશે.કચેરી દ્વારા માંગેથી રજુ કરવાનું રહેશે.
- કચેરી અને એજન્સીના કામે રાખેલ ઈસમો વચ્ચે નોકરી અને તેની આનુસંગિક કોઈપણ બાબત જેવી કે માલીક અને નોકરના સબંધ અથવા તો અન્ય કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહીં. એજન્સીના માણસો દ્વારા તેઓની સેવા બાબતે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમાં કચેરીને કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહીં.
- એજન્સીએ મુકેલી વ્યકિતઓના ગૃપ / પર્સનલ એકસીડન્ટ પોલીસી હેઠળ જરૂરી વિમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે. તેમાં કચેરીને કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહીં.
- અત્રેની કચેરી જણાવે ત્યારે કામની અગત્યતતા ને ધ્યાને લેતા ઈજારદારશ્રી દ્વારા હોટ મીક્ષ મટેરીયલ્સ પાથરવાની સમાંતરે અન્ય રોડની સફાઇ આગોતરી રીતે કરવાની રહેશે. જો ઈજારદારશ્રી દ્વારા અન્ય રોડની સફાઇ આગોતરી ન કરવાના કારણે સરકારી પ્લાન્ટ બંધ રહેશે તો તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

ઈજારદારશ્રીની સહી

નાયબ કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન પેટા વિભાગ
મહેસાણા